અપીલ અરજી નં.૪૨૯ તા.૩૦–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૧૧–૧૦ની અરજીથી સુરત મહાનગરપાલિકા હસ્તકના સાતેય ઝોનમાં છેલ્લા એક વર્ષમાં રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આવેલ એવી અરજીએ કે જેના નમુના 'ક' ની અરજી દફતરે કરવા અંગે લેખીતમાં લખીને આપ્યું હોય તેવી દરેક અરજીઓ તથા તેની સામે અરજી દફતરે કરવા અંગેનું જે લખાણ અરજદારે આપ્યું હોય તે લખાણવાળા પત્રોની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૯/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૧૧–૧૦ની અરજીથી સુરત મહાનગરપાલિકા હસ્તકના સાતેય ઝોનમાં છેલ્લા એક વર્ષમાં રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આવેલ એવી અરજીએ કે જેના નમુના 'ક' ની અરજી દફતરે કરવા અંગે લેખીતમાં લખીને આપ્યું હોય તેવી દરેક અરજીઓ તથા તેની સામે અરજી દફતરે કરવા અંગેનું જે લખાણ અરજદારે આપ્યું હોય તે લખાણવાળા પત્રોની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ લગભગ બે માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૩૦–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩ તા.૭–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને લગભગ બે માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા વિલંબીત અપીલના કિસ્સામાં વાજબીપણાની અનુપસ્થિતિમાં અપીલ ગ્રાહય રાખવી કે કેમ તે અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૦ તા.૧૧–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૧૨ તા.૧–૧૨–૧૦ ના પત્રની નકલ, જંતુનાશક વિભાગના પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/ ૧૩૮ તા.૬–૫–૧૧ ના પત્ર ની નકલ મળેલ છે. સા.ઝોન મહેકમના પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૨૩૯ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ,સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/ ૧૫૧ તા.૬–૫–૧૧ ના પત્રની નકલ, સા.ઝોન/આરોગ્ય/૧૨૦ તા.૧૧–૫–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી વિલંબિત અપીલ અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩૦–૧૧–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકા હસ્તકના સાતેય ઝોનમાં છેલ્લા એક વર્ષમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ આવેલ એવી અરજીઓ કે જેને અરજદારે ૩૦ દિવસની અંદર જે તે ઝોનને કોઈ પણ કારણસર નમુના–ક ની અરજી દફતરે કરવા અંગેનું લેખિતમાં લખીને આપ્યું હોય તેવી દરેક અરજીઓ તથા તેની સામે અરજી દફતરે કરવા અંગેનું જે લખાણ અરજદારને આપ્યું હોય તે લખાણવાળા પત્રોની નકલો માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૨૧૨ તા.૧–૧૨–૧૦ થી કતારગામઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, લીબાંયતઝોન , રાંદેરઝોન , વરાછાઝોન ને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી અરજદારે લગભગ બે માસના વિલંબથી તા.૩૦–૩–૧૧ થી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદાર પાસેથી લગભગ બે માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા વિલંબીત અપીલના કિસ્સામાં વાજબીપણાની અનુપસ્થિતિમાં અપીલ ગ્રાહય રાખવી કે કેમ તે અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અપીલના વિલંબિત અંગે કોઈ કારણ કે વાજબીપણાની વિગતો જણાવેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકય ન હતો તો જ ૩૦ દિવસની મુદત વીતી ગયા પછી તેવી અપીલ સ્વીકારી શકશે. જે વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે. અરજદાર વિલંબિત અરજી અંગે વાજબીપણું રજૂ કરવામાં તક આપવા છતાં સફળ રહેલ નથી આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી વીબીડીસી વિભાગ, મહેકમ વિભાગ, આરોગ્ય વિભાગ, તેમજ આકારણી વિભાગની માહિતી અરજદારને

અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલ છે. જેની માહિતી નીલ છે  જેમાં આકારણી વિભાગમાં બે અરજદારો ધ્વારા ૩૦ દિવસની અંદર અરજી દફતરે કરવામાં આવે છે.  જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજીઓ તથા દફતરે કરવા અંગે અરજદારોએ લેખિતમાં કરેલ અરજી અંગે આરટીઆઈ એકટની કલમ–૮(જી) હેઠળ નકલ આપી શકાય તેમ ન હોઈ તે આપવા ઈન્કાર કરેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે.  આમ  જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડેલ છે તથા  નકલના ઈન્કાર અંગે કલમ–૮(૧) જી જે અન્વયે જે માહિતી જાહેર કરવાથી  માહિતીના સ્ત્રોત જાહેર થાય અથવા વ્યકિતના જીવન અગર શારીરીક સલામતિ જોખમાય તેવા કિસ્સામાં માહિતી જાહેર નહીં કરવાના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ છે જે  જોગવાઈ સાથે સુસંગત હોઈ  જાહેર માહિતી અધિકારીનો  નિર્ણય બહાર રાખી  અરજદારની  અપીલ અરજી તેટલે અંશે  દફતરે કરવામાં આવે છે.  અરજદાર તેનાથી નારાજ હોય તો  કાયદાની કલમ –૧૯(૩) હેઠળ  રાજય માહિતી આયોગ,  અર્થશાસ્ત્ર  અને આંકડા નિયામક કચેરી, સેકટર–૧૮,  ગુજરાત રાજય ગાંધીનગરને  દિન–૯૦ માં બીજી અપીલ કરવા હકદાર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –પ–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને  જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)........જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ